# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ધનિક લલિત મોદી, એક ગોળની ભીલી છે,
અને બધા પક્ષોની માખીઓની જીભ ગીલી છે,
ખીલી છે હવે સોળે કળાએ ટ્વીટરે ગંધ -
ચોંટી છે પાંખ બધાની, ને લાગી કાળી ટીલી છે

## હાઈકુ

લાંચ ને દોરે,
નાચે કઠપૂતળાં
લલિત-કળા..

અટક્યું ગળે
લલિત છછુંદર -
થાય મુંઝારો..

## ચિંતન

**ધૃતકુંભ સમા નારી તપ્તાં ગાર સમઃ પુમાન । તસ્માદ્ ધૃત ચ વહ્નિ ચ નૈકય સ્થાપયેદ બુધઃ ॥**

'નારી-સ્ત્રી એ ઘીથી ભરેલા તપેલાં જેવી છે અને પુરુષ તપેલા-સળગતા લાલ અંગારા જેવો છે; માટે સમજુ અને બુદ્ધિમાન ડાહ્યા માણસે ઘી અને અગ્નિને એક સાથે, એક જગ્યામાં રાખવાં નહીં.'

પ્રાચીન તપોવન આશ્રમોમાં ઋષિમુનિઓ ધ્યાન-જ્ઞાનની ઉપાસના કરતા ત્યારે પત્ની સાથે જ રહેતા - સંયમી જીવનમાં પત્નીનું મહત્વ 'સહધર્મ ચારિણી' નું હતું. પત્ની યજ્ઞ-હવન-કુંડ પૂજાપાની સર્વ તૈયારી કરી આપે જયારે સમિધ (કાષ્ટ) લાવી આપે ફળ-ફુલ લાવી આપે. આમ સપત્નીક રહેવાથી 'પતન'ની નોબત ન વાગતી. ઋષિઓ સમજતા નારી અગ્નિ છે. સેવામાં રહેલી કોઇ પણ દાસી કયારેક ભ્રષ્ટ થઇ જવાનું કારણ બને છે.

આજે પણ ઘણા સંપ્રદાયો સ્ત્રીને દૂર-પડદામાં જ રાખે છે આના પાછળ સંયમની નબળાઇ નથી પણ 'આગ અને પેટ્રોલ'ને નજીક ન રાખવાની સાવધાની માત્ર છે.

આપણે જાણીએ છીએ કે કથાકારો-બાપુઓ વ્યાખ્યાન કરતાં કરતાં પણ સખણાં નથી રહેતા અને સામેનું પાત્ર પણ 'લીલ' ની જાજમ પાથરવામાં પારવધા હોય છે પછી બાપુ-કથાકાર લપસે નહીં તો શું થાય?

ઘી અને અગ્નિને દૂર જ રાખવાં.

## સુવિચાર

- જે કર્મમાં વધુ ને વધુ લોકોને આનંદ મળે છે તે કર્મ જ શ્રેષ્ઠ છે **- સંત ઓગષ્ટીન**
- તમે સૌથી વધુ બેવકૂફ અને સમયે હો છો, જે સમયે તમે બીજા કોઇને બેવકૂફ બનાવો છો **- રજનીશ**
- જે ન કરવા જેવું છે તે આપણને દુર્જનો જ શીખવે છે **- ઝેન કથન**
- જીંદગાની નો દિપક જાશે ઠરી, પ્રાણની આ પાંખડી જાશે ખરી.., વાત 'શયદા' જાર સાંભળતો ખરો.., પાપ કરતાં જો જરા પાછું ફરી **- શયદા**
- યહ ભી હૈ એક દુઆ મેરી ભગવાન સૈ, કીસી કા દિલ ન દુખે મેરી વજહ સે ભગવાન કર કે કુછ ઐસી કૃપા મુજ પર, કી ખુશીયાં મીલે સબકો મેરી દુઆસે- **એસ.એમ.એસ.**
- આભમાં કે દરિયામાં એક પણ કેડી નથી, અર્થ એનો એ નથી કોઇએ સફર ખેડી નથી **- રાજેશ વ્યાસ**
- ઇસાનો ગધેડો અગર મક્કા જશે તો પણ એ પાછો ફરે ત્યારે પણ ગધેડો જ રહેશે **- બી.એન. દસ્તૂર**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આજે તો લગ્ન પ્રસંગે - પ્રવાસમાં જવા - મેચ જોવા કર્મચારીઓ પોતાની ફરજ છોડી 'રજા' મૂકી આનંદ માણતા હોય છે ફરજ પ્રત્યેની જાગૃત ખૂબ જ નબળી હોય છે.

ફ્રાંસના વિજ્ઞાનિક, મશહુર કેમિસ્ટ, બાયોલોજીસ્ટ અને માઇક્રોબાયોલોજીસ્ટ શ્રી લૂઇ પાશ્ચર હતા. એ સમયમાં ફ્રાંસમાં રેશમના કીડામાં કોઇ વિચિત્ર રોગ ફેલાયો અને કાબૂમાં લેવાની દવા-રસી માટે લૂઇ કામ કરતા હતા અને લેબમાં સખત સંશોધનમાં વ્યસ્ત રહેતા હતા.

આ દરમિયાન શહેરમાં ચેપી રોગ ફેલાયો અને એમાં લૂઇ પાશ્ચરનાં ત્રણ સંતાનો બિમાર પડ્યાં તેમની સારવાર અને દવાદારુ માટે લૂઇ વધારે સમય ફાળવી શકે તેમ ન હતા. કારણ કે ફ્રાંસ દેશની 'સિલ્ક ઇન્ડસ્ટ્રી' પર મોટું જોખમ હતું.

...પરિણામે લૂઇના ત્રણે સંતાનોનું એક પછી એક અવશાન થયું. આમ છતાં જરા પણ વિચલિત થયા વિના - રજા લીધા વિના લૂઇ પોતાની ફરજ પર જ મંડ્યા-મચ્યા રહ્યા.

એક મિત્રએ કહ્યું - તમે તો ખરા હિંમતવાન છો! બાળકોના અવશાન પછી પણ..

લૂઇ વચ્ચે જ બોલ્યા : દેશ માટે કામ કરવું એ મારી પહેલી ફરજ છે અને એ હું ચૂકવા માગતો નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારતના 'કૃષિ વિજ્ઞાનના પિતા' તરીકે કોણ ઓળખાય છે?

## ખજાનો



- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

### વિજ્ઞાન જગત

(૧) લોહીનો લાલ રંગ નીચેનામાંથી કોના કારણે છે?
(અ) એલ્યુબિમીન (બ) ઈન્સ્યુલીન
(ક) ગ્લોબુલીન (ડ) હિમોગ્લોબીન

(૨) હવામાં છોડવામાં આવતા બલૂનમાં કયો ગેસ ભરવામાં આવે છે?
(અ) કલોરીન (બ) ઓક્સિજન
(ક) કાર્બન ડાયોકસાઈડ (ડ) હાઈડ્રોજન

(૩) આંખ સાફ કરવા માટે કયા એસિડનો ઉપયોગ કરવામાં આવે છે?
(અ) બોરીક એસિડ (બ) કાર્બોનીક એસિડ
(ક) એમીનો એસિડ (ડ) સાઈટ્રીક એસિડ

(૪) લેકટોબેસીલસ જીવાણુનાં કારણે શું બને છે?
(અ) દૂધમાંથી દહી (બ) આથો આવે
(ક) રસી બને (ડ) બાયો ડીઝલ બને

(૫) આગ બુઝાવવા માટે કયા વાયુનો ઉપયોગ થાય છે?
(અ) ઓક્સિજન (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) હાઈડ્રોજન (ડ) કલોરીન

(૬) વાળનો કાળો રંગ કયા તત્ત્વને આભારી છે?
(અ) ટેલેનીન (બ) મેલેનીન
(ક) ટાઈલીન (ડ) આયોડિન

(૭) આપણા શરીરમાં શક્તિ ઉત્પાદનનું કાર્ય કોણ કરે છે?
(અ) ગોલ્ગીકાય (બ) કણાભસૂત્ર
(ક) કોષરસ (ડ) રંગસૂત્ર

(૮) લોહીમાં રહેલાં કયા ઘટકો શરીરને ઓક્સિજન પુરો પાડે છે?
(અ) શ્વેતકણો (બ) રક્તરસ
(ક) રક્તકણો (ડ) હિમોગ્લોબીન

(૯) લોહીના કેન્સરને કયા નામે ઓળખવામાં આવે છે?
(અ) એનીમિયા (બ) લ્યુકેમિયા
(ક) ન્યૂમોનિયા (ડ) થેલેસેમીયા

(૧૦) હવામાં સામાન્ય તાપમાને સળઘી ઊઠે તેવો પદાર્થ કયો છે?
(અ) સોડિયમ (બ) બેરિયમ
(ક) ફોસ્ફરસ (ડ) કેલ્શિયમ

(૧૧) પરમાણુ વિસ્ફોટના કારણે કયું મુખ્ય પ્રદૂષણ થાય છે?
(અ) પાણીનું પ્રદૂષણ (બ) ઉષ્મીય પ્રદૂષણ
(ક) કિરણોત્સર્ગી પ્રદૂષણ (ડ) ધ્વનિ પ્રદૂષણ

(૧૨) બધી જ ચીજ વસ્તુઓના બંધારણમાં મોટે ભાગે એક તત્ત્વ હોય જ છે તે કયું?
(અ) કેલ્શિયમ (બ) કાર્બન
(ક) ઓક્સિજન (ડ) સલ્ફર

(૧૩) કેસ્કોગ્રાફના શોધક કોણ હતા?
(અ) માર્કોની (બ) જગદીશચંદ્ર બોઝ
(ક) સી.વી. રામન (ડ) ગ્રેહામ બેલ

(૧૪) ભારતના 'કૃષિ વિજ્ઞાનના પિતા' તરીકે કોણ ઓળખાય છે?
(અ) ડૉ. ખુરાના (બ) ડૉ. કુરિયન
(ક) ડૉ. અમૃતા પટેલ (ડ) ડૉ. સ્વામીનાથન

(૧૫) કયા વૈજ્ઞાનિક વિજ્ઞાનના જાદુગર કહેવાયા?
(અ) એડિસન (બ) ગેલિલિયો
(ક) ન્યૂટન (ડ) આઈન્સ્ટાઈન

### વિવિધા

**વિષય : વિશ્વના મહત્ત્વના કેટલાક સ્થળો**

- આમ્સ્ટર્ડેમ — નેધરલેન્ડનું શહેર, હિરા ઉદ્યોગનું કેન્દ્ર, અહીં એનીફ્રેન્કનું જગપ્રસિદ્ધ પૂતળું આવેલું છે.
- કેપટાઉન — દક્ષિણ આફ્રિકાનું મહત્ત્વનું બંદર, અહીંથી પસાર થતી સ્ટીમરો બળતણ ભરવા રોકાય છે.
- કયુ ગાર્ડન — ઈંગ્લેન્ડનો વનસ્પતિશાસ્ત્રના સંશોધન માટેનો બગીચો
- ડિયેગો ગાર્સીયો — હિન્દ મહાસાગરમાં આવેલ ટાપુઓ કે જયાં અમેરિકાએ નૌકામથક વિકસાવ્યું છે.
- બાકુ — આઝાર બાઈઝાનની રાઝધાની, દેશનું આદ્યૌગિક સાંસ્કૃતિક અને પેટ્રોલિયમ ઉદ્યોગનું કેન્દ્ર
- વર્સાઈલ — રાજકીય કેદીઓ રાખવામાં આવતા તે પેરીસનો કિલ્લો
- બ્રોડવે — ન્યૂયોર્કમાં આવેલ વિશ્વનો એક સૌથી વિશાળ રસ્તો
- યલોસ્ટોન — અમેરીકાના 'યેલોસ્ટોન પાર્ક'માં આવેલ સરોવર
- વેઈલિંગ વોલ — યહૂદીઓનું ધાર્મિક સ્થળ
- બ્લેક કન્ટ્રી — દક્ષિણ સ્ટેફર્ડ શાયરમાં કોલસા અને લોખંડના કારખાનાનો પ્રદેશ
- સિનોટાફ — દ્વિતિય વિશ્વયુદ્ધ દરમિયાન મૃત્યુ પામેલ બ્રિટનના સૈનિકોનું લંડનમાં આવેલું સમાધિ સ્થળ.

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિંહા અગાઉની એન.ડી.એ. સરકારમાં કયા મંત્રી હતા?**

**જવાબ : નાણામંત્રી**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૪) આકાશ જી. પટેલ : સે-૨૩
(૫) જયેન્દ્ર પાઠક : સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**સુષ્મા સ્વરાજના પતિનું નામ શું છે? જેઓ આજકાલ લલિત મોદી કેસમાં ચર્ચાસ્પદ બન્યા છે?**

**ગાંધીનગર સમાચાર**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ડ (૨) ડ (૩) અ (૪) અ (૫) બ (૬) બ (૭) બ (૮) ક (૯) બ (૧૦) ક (૧૧) ક (૧૨) બ (૧૩) બ (૧૪) ડ (૧૫) અ

# 'અજવાસ આવ્યા એટલે' ગઝલ સંગ્રહના કવિ દિનકર 'પથિક'ના પુત્રોએ સંગ્રહ પ્રકાશિત કરી તર્પણ કર્યું

તા. ૦૨ ઓકટોબર, ૨૦૧૩ના રોજ સ્વ. કવિ દિનકર 'પથિક' ના સુપુત્રો દિલીપ, કમલેશ અને પ્રકાશ ત્રિવેદીએ તર્પણ કર્યા લખ્યું :

'સર્જનપ્રક્રિયા એ આમ તો ખૂદ સર્જન દ્વારા જ લખાયેલી કેફિયત હોય છે, પણ અમારા પૂજ્ય પિતા દિનકરભાઈ ત્રિવેદી 'પથિક'ની બાબતે એ એટલા માટે શક્ય ન બની શક્યું કે, એમનાં બીજા સંગ્રહની હસ્તપ્રત આસ્વાદ લેખો, શીર્ષક, તથા અનુક્રમણિકા સુધીની તમામ મેટર તૈયાર હોવા છતાં, એમની છેવટની શારીરિક નાદુરસ્તીને લઈને, એમનામાં અંગત લેખન થઈ શક્યું નહીં, ને અચાનક એમની વિદાય આવી પડી! સદ્ભાગ્યે એમણએ, એમનાં અંગત નિવેદનનાં મુદ્દાઓની અમારી સાથે ચર્ચા કરી હતી, જેથી એમની ગેરહાજરી બાદ, શોકગ્રસ્ત મનસ્થિતિ વચ્ચે જ, એમનાં અંગત નિવેદનોને, અમારે, અમારા શબ્દોમાં અભિવ્યક્ત કરવાની ફરજ પડી છે.'

પણ સમયાંતરે છેલ્લા વરસોમાં એમને નાદુરસ્ત તબીયતને લઈને, ત્રણ ત્રણ ઓપરેશનોમાંથી પસાર થવું પડ્યું, વધતી વયને શારીરિક ક્ષીણતાને લઈને, એમનું હરવા-ફરવાનું અટકી ગયું! એમની પ્રિય સંસ્થાઓ બુધસભા, ગદ્યસભામાં હાજર રહેવાનું પણ બંધ થયું. બંને સંસ્થાઓના મિત્રો એમને મળતા રહેતાં, ને સાહિત્યિક વાતાવરણથી એમની તરોતાજા રાખતા. હવે વાચન-મનન-ટીવીને ઈશ્વરભજન વચ્ચે એમને રૂટીન ગોઠવવું પડ્યું? ગઝલ સર્જન શરું હતું પરિણામે માતબર રચનાઓ ફાલ ઉતરતો રહેતો હતો.



**મોંઘેરા મોતી**
- નવટર આહલપરા

બીજો ગઝલ સંગ્રહ બનાવવાની એમની ઈચ્છા અમારા જાણવામાં આવી. સંખ્યાબંધ રચનાઓમાંથી ચૂંટેલી ને પ્રતિનિધિ કહી શકાય એવી રચનાઓ તારવાનું કામ, એમનાં આત્મીય મિત્ર અને એમની દિનચર્યાના ભાવભગ્ન સાક્ષી કવિ નવટર વ્યાસે, ભારે જહેમતબાદ પૂર્ણ કર્યું. પપ્પાને ખૂબ સંતોષ થયો. ૧૦૮નો આંક એમનો પ્રિય આંક, ચયન થયેલી રચનાઓમાંથી ૧૦૮ રચનાઓનો સંગ્રહ તૈયાર કરવાનું તાબડતોબ વિચારાયું! વિચારણા આગળ વધતી ગઈ અને અનુકૂળતાઓ પણ સામે આવતી રહી!'

'ભાવનગરનાં બે સમર્થ સાહિત્યકારો સર્વ માય-ડીયર જયું સાહેબ, તથા ડૉ. વિનોદભાઈ જોશીએ, પપ્પા તરફના આત્મીય ભાવનો જબરો રણટંકાર કરીને, એમની બેહદ વ્યસ્તતા વચ્ચે ય, મૂલ્યવાન સમય ફાળવીને, પપ્પાને ખૂશ ખરી દીધા. સંગ્રહનું શીર્ષક 'અજવાય આવ્યા એટલે' પણ પપ્પાએ જ પસંદ કરેલું છે. એક કેવળ, એમની કેફિયતએ પોતે ન લખી શક્યા એનો સૌને રંજ રહ્યો.

પપ્પાના પ્રથમ ગઝલ સંગ્રહનું જેમના હસ્તે વિમોચન થયું હતું એ કવિ - ગદ્યકાર મનોરભાઈ ત્રિવેદીને, પપ્પાના નિધનથી ઊંડું દુઃખ થયું! પપ્પાને શ્રદ્ધાંજલી સ્વરુપે એમને સ્વયંભૂ પપ્પાને જૂની પેઢીનાં છેલ્લાં કવિ તરીકે, એમના સર્જક-વ્યક્તિત્વને ઉજાગર કરતો, એક ભાવાંજલી લેખ લખીને અમારા પરિવારને ઉપકૃત કરી, પપ્પા પ્રત્યેનું મિત્રઋણ આ સંગ્રહના પ્રાગટ્ય દ્વારા બજાવ્યાનો સંતોષ, પપ્પાના આત્માને શાતા આપશે જ, એનો અમને વિશ્વાસ છે અને એમનાં સૌ ભાવકોને, આ ગમશે એવી શ્રદ્ધા છે.'

ડૉ. વિનોદ જોશી કવિ દિનકર 'પથિક'ને પોંખતા કહે છે કે,

દિનકર 'પથિક'ની સર્જકતાની કેટલીક ખૂબીઓ તો આ સંગ્રહમાંથી પસાર થયા પછી ચિત્તમાં તરત અંકિત થઈ જાય છે. એક તો એ કે પરંપરાના હોવા છતાં આધુનિક ગઝલની તરાહોનો એમણે ભરપૂર વિનિયોગ કર્યો છે. પરંપરાનું સેવન એમની અભિવ્યક્તિને એક સ્વસ્થ અને સંતુલિત મિજાજ બક્ષે છે, તો આધુનિકતાના સ્પર્શ નાવીન્ય અને અપૂર્વતાનો અનુભવ આપે છે. બીજું, આ રચનાઓમાં ગઝલ સિદ્ધ કરવા કરતાં કવિતા સિદ્ધ કરવાનો પુરુષાર્થ વધારે રહ્યો છે. કવિતા સિદ્ધ કરવા માટે કયા ઓજારો ખપમાં લેવા આવશ્યક છે તે આ કવિ જાણે છે અને ત્રીજું તે; જીવનનું સૂક્ષ્મ આકલન અને તેનો પોતાની ગઝલોમાં લાક્ષણિયક વિનિયોગ. આ બાબતો આ સંગ્રહની ગઝલોને આસ્વાદ્ય બનાવે છે,

કવિ દિનકર 'પથિક'ના બે શૅ'અર જોઈએ,

થોડું થોડું વ્હેંચીને,
આ સરવાળા કરવા છે.
બેઠા છીએ અધારે,
ને અજવાળા કરવા છે

છેક ૧૯૪૭-૪૮થી કવિ હરિન્દ્ર દવેનાં સાનિધ્ય અને સહયોગ દરમિયાન કવિ દિનકર 'પથિક'ની સર્જનયાત્રાનો પ્રારંભ થયો. સ્વ. કિસ્મત કુરેશી, સ્વ. મુકબીલ કુરેશી, સ્વ. નાઝિર દેખૈયાની કાવ્યસભા સંસ્થા દ્વારા 'સુરાલય' સામયિકનું સંચાલન પણ કર્યું.

કવિ દિનકરજીના થોડાંક ગમતા શૅ'અર જોઈએ

ફાટેલું પહેરણ હતું સંજોગવશ,
ને, નવું દર્પણ હતું, સંજોગવશ.

●

બારણાને એ રીતે સાંકળ ગમે,
જેમ કોઈ આંખને કાજળ ગમે.

●

શું કરું, છે બંધ પરબીડિયું ખુદા,
સાવ ખુલ્લું હોય તો અંજળ ગમે.

●

તેં કહ્યું તે તો બધાએ સાંભળ્યું,
મેં કહ્યું, મેય કયાં એ સાંભળ્યું.

દિનકર 'પથિક' આપણા વયસ્ક કવિ જ નહીં, શીર્ષસ્થ કવિ છે એ એમની ઘણી ગઝલો દર્શાવે છે. કારણ કે વિષય બાબતે તો એમનો 'અલગ મિજાજ' જોવા મળે છે,પણ ઘણી ગઝલોનાં રચનાવિધાન પરત્વે એમનો 'અલગ અંદાજ' ગઝલના અનુભાવનમાં જુદેરો સ્વાદ પ્રગટાવે છે.

વાત આટલી જ છે :

ગઝલની પ્રાથમિક ઓળખ રદીક-કાફિયા છે. કાફિયા 'મળે' એટલે કવિ રાજી થઈ જાય છે. જેમ સોનેટમાં ૪-૪-૪-૨ કે ૮-૬ પંક્તિઓનો મેળ બેસે એટલે અરધી બાજી જીતી જવાય છે પણ, સાવ એવું નથી. ગીતનો લય હિલ્લોળ કે સોનેટની ચિંતાનાત્મક ચુસ્તિની જેમ ગઝલમાં કવિનો 'અલગ મિજાજ' પ્રગટવો જોઈએ. એ રીતે - ભાતે શેઅરિયત એ ગઝલની ખરી ઓળખ છે. કહેવાય છે કે ગીતનું મુખડું કે સનોનેટનો અંત જે તે સ્વરુપની કરોડરજ્જુ છે, તેમ ગઝલમાં એકાદ-બે શેઅરનો પરચો મળે તો ન્યાલ થઈ જવાય છે. દિનકર 'પથિક' ની ગઝલોમાં આવી શેઅરિયત અનુભવાય છે.

'ઓળખી લઉં એ રીતે તું આવજે,
હાથમાં કૈં ફૂલ જેવું રાખજે.'

કવિ મનોહર ત્રિવેદીની અનુભૂતિ આવી છે...

'પથિક' ભાઈ આમેય કયાં ભીડના માણસ હતા? મારા-તમારા જેવા રડ્યોખડ્યો એકાદો ચાહક મળી જાય તો એમને મન 'વસતી જ વસતી!' એ જ એમની સભા.

જૂની પેઢીના અંતિમ પરંતુ નૂતન ગઝલનું પહેલું કિરણ ભાવેણામાં ઉતારનાર 'પથિક' સાહેબને ભૂલવા માટે કઈ દિશાનું અંધારું ખપમાં લેશું? 'અજવાશ આવ્યા એટલે' આટલું પૂછું છું.'

# ભાજપના આસ્થાપુરુષ શ્યામાપ્રસાદ મુકરજી હિંદુરાષ્ટ્રના વિરોધી

## શ્યામાબાબુ કોંગ્રેસી ધારાસભ્ય, હિંદુ મહાસભાના અધ્યક્ષ, નેહરુ સરકારમાં ઉદ્યોગપ્રધાન અને જનસંઘના સંસ્થાપક અધ્યક્ષ રહયા

### અતીતથી આજ

- ડો. હરિ દેસાઇ

અત્યારે ભારત પર જેનું શાસન છે એ ભારતીય જનતા પક્ષ(બીજેપી)નો પૂર્વ અવતાર ગણાતો રાજકીય પક્ષ એટલે ભારતીય જનસંઘ(બીજેએસ). રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના દ્વિતીય સરસંઘચાલક(વડા) માધવ સદાશિવ ગોલવલકર(ગુરુજી) અને ડૉ.શ્યામાપ્રસાદ મુકરજીએ મળીને કરેલા સંકલ્પનું ફળ એટલે ૧૯૫૧માં શ્યામાબાબુનીઅધ્યક્ષતામાં સ્થપાયેલો એ પક્ષ. આજે એ વટવૃક્ષ બન્યો છે. ભારતીય જનતા પક્ષના બે આદ્યપુરુષોની છબિઓ એના કોઈપણ સ્થાપના દિવસે પાર્શ્વભૂમાં ઝળકે છે. એક ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી અને બીજા પંડિત દીનદયાળ ઉપાધ્યાય. બંનેનાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયાં હતાં. સુભાષચંદ્ર બોઝ અને લાલ બહાદુર શાસ્ત્રીનાં રહસ્યમય મૃત્યુના રહસ્ય પરથી પડદો ઊંચકવાની છાસવારે ઘોષણા કરનારા વર્તમાન શાસકોએ પોતાના બે આસ્થાપુરુષનાં રહસ્યમય મૃત્યુ પરથી પડદો ઊંચકવાની કોશિશોની હવે માંડવાળ કરી લાગે છે. જયાં લગી કોંગ્રેસની સરકાર કેન્દ્રમાં હતી ત્યાં લગી નેહરુ સરકારને કે નેહરુ- પુત્રીની સરકારને એમાં રસ નહીં હોવાની ભાંડણલીલા ચાલતી રહી હતી.

૬ જુલાઈ એટલે શ્યામાપ્રસાદ મુકરજીનો જન્મદિવસ. માત્ર ૫૨(બાવન) વર્ષની નાની ઉંમરમાં એમણે એટલું બધું યોગદાન કર્યું કે બંગાળ ભાજપના અધ્યક્ષ રહેલા તથાગત રાયે એમની જીવનકથા લખીને એનું શીર્ષક આપ્યું છેઃ 'અપ્રતિમ નાયક ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી'. ૨૩ જૂન ૧૯૫૩ના રોજ જમ્મૂ-કાશ્મીરના પ્રીમિયર(મુખ્યમંત્રી) શેખ અબ્દુલ્લાની સરકારના કેદી તરીકે રહસ્યમય સંજોગોમાં મોતને ભેટેલા શ્યામાબાબુને ભાગ્યે જ અણસાર આવ્યો હશે કે એમને જમ્મુ-કાશ્મીરની સરહદે વળાવવા ગયેલા અટલ બિહારી વાજપેયી ભવિષ્યમાં એમની(શ્યામાબાબુની)જ હત્યા માટે જવાબદાર ગણાયેલા અબ્દુલ્લા પરિવારનાં ફરજંદો સાથે સત્તા કાજે સમાધાન કરશે. 'શેર હમારા મારા હૈ, અબ્દુલ્લાને મારા હૈ' ના નારા લગાવનારા સંઘ-જનસંઘ-ભાજપના કાર્યકરોએ સત્તાકાજે અબ્દુલ્લાના પુત્ર ડૉ.ફારુક અબ્દુલ્લા અને પૌત્ર ઓમર અબ્દુલ્લાને અટલ-અડવાણી સાથે જોઈને કદાચ આઘાત અનુભવ્યો હશે. વાજપેયી સરકારમાં ઓમર વિદેશ રાજયમંત્રી હતા અને ભાજપના વડપણવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા(એનડીએ) થકી જમ્મુ-કાશ્મીરમાં ડૉ.ફારુક અબ્દુલ્લાની સરકાર હતી. અત્યારે ભાજપી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આશીર્વાદથી જમ્મૂ-કાશ્મીરમાં અબ્દુલ્લાવિરોધી રાજકીય પરિવાર મુફતીના પક્ષ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી(પીડીપી) સાથે ભાજપની સંયુકત સરકાર અસ્તિત્વમાં છે. વી.પી.સિંહના વડા પ્રધાનપદ વખતે મુફતી મોહમ્મદ સઈદ કેન્દ્રના ગૃહપ્રધાન હતા ત્યારે એની દીકરી રુબિયાના અપહરણની ઘટના બની હતી. રુબિયાને છોડાવવા માટે અમુક ત્રાસવાદીઓને જેલમુકત કરાયા ત્યારે ભાજપની નેતાગીરીએ ભારે ઉહાપોહ મચાવ્યો હતો. સત્તા કાજે પલટીઓ મારવાનું રાજકીય પક્ષો અને નેતાઓ માટે સહજ છે. દરેક વખતે અનુકૂળ તર્ક આપવાનું એમની પાસે તૈયાર જ હોય છે. પ્રેમ અને જંગમાં બધું જ જાયઝ હોય છે. નવાઈ એ વાતની છે કે આદર્શ અને નીતિમૂલ્યોના પ્રણેતા અને પુરસ્કર્તા મનાતા રાજનેતાઓના વ્યકિતત્વનાં આવાં નોખાં પાસાં પ્રકાશમાં આવે ત્યારે એમના ભણી આસ્થાની નજરે જોનારાની શ્રદ્ધા પણ કયારેક ડગવા માંડે છે. જો કે રાજકારણમાં આવનારાઓ મંજીરા વગાડવા માટે આવતા નથી એટલે સત્તા માટેની એમની કોશિશોને વાસ્તવદર્શી દૃષ્ટિએ જ નિહાળવી પડે.

બંગાળમાં કોલકાતાના અંગ્રેજનિષ્ઠ પરિવારમાં જન્મેલા અને ઉછરેલા શ્યામાબાબુ ભદ્રલોક બ્રાહ્મણ પરિવારનું ફરજંદ. સર આશુતોષ મુકરજી કે મુખોપાધ્યાયના એ તેજસ્વી પુત્ર. સૌથી નાની વયે(૩૩) તેઓ કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ બન્યા એટલું જ નહીં. બબ્બે મુદત માટે એ કુલપતિ રહ્યા. એ દરમિયાન ઘણા બધા શૈક્ષણિક સુધારા કરી શકયા. પિતા પણ કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ રહયા. અંગ્રેજ સરકાર અને બંગાળના ગવર્નર સાથે સારો ઘરોબો, ભણતરની કારકિર્દી તેજસ્વી. ભારતમાં એ બી.એ., એમ.એ. થવા ઉપરાંત વકીલાતની પદવી મેળવ્યા પછી લંડન જઈને બૅરિસ્ટર પણ થઈ આવ્યા. જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં શ્યામાબાબુએ વકીલાતના ઝાઝા કેસ લડયા નહીં, પણ પિતા સર આશુતોષ મુકરજીએ કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક નિયુકત કરેલા તે ડૉ.એસ.રાધાકૃષ્ણન(જે પાછળથી રાષ્ટ્રપતિ થયા)ને પક્ષે 'પ્રવાસી' અને 'મોર્ડન રિવ્યૂ'ના સંપાદક રામાનંદ ચેટરજી વિરુદ્ધ બદનક્ષીના કેસમાં ધારાશાસ્ત્રી તરીકે જરૂર ઊભા રહયા હતા.

સર આશુતોષના પ્રયત્નોથી જ બ્રિટિશ સરકારની ફિનાન્શિયલ સિવિલ સર્વિસના અધિકારી તરીકે રાજીનામું આપીને કલકત્તા યુનિવર્સિટીમાં પાલિત પ્રાધ્યાપક તરીકે જોડાયેલા અને પાછળથી નૉબેલ પારિતોષિક વિજેતા બનેલા ભૌતિકશાસ્ત્રી સર સી.વી.રામનને કોલકાતા છોડાવવાના ષડયંત્રકાર તરીકે પણ રામનનાં બાયોગ્રાફર ઉમા પરમેશ્વરન મુકરજીનો ખાસ્સો ઉધડો લે છે. જોકે તથાગત રાય આ બાબતમાં શ્યામાબાબુ ભણી સાનુકૂળ રહેવાની નોંધ કરવાની સાથે જ રામનની વરવી વિદાયની વાત જરૂર મૂકે છે. પ્રથમ એશિયાઈ અને પ્રથમ અશ્વેત નોબેલ વિજેતાને કોઈ વિદાયમાન અપાયું નહીં, એટલું જ નહીં, રામન જીવ્યા ત્યાં લગી એમણે ક્યારેય કોલકાતામાં ફરી પગ મૂકયો નહીં, જે કોલકાતાને ૧૯૧૧થી ૧૯૩૩ સુધી પોતીકું ગણ્યું હતું. રામન બ્રિટિશ સનદી સેવામાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે નાગપુરથી બદલી પામીને કોલકાતા આવ્યા હતા અને એ વાઈસરૉયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં મેમ્બર(પ્રધાન) તરીકે જોડાઈ શકે તેમ હોવા છતાં રાજીનામું આપીને પ્રાધ્યાપક બન્યા હતા.

એવામાં જ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજીએ એક પત્રકાર પરિષદમાં હિંદુ મહાસભાને ખરા અર્થમાં 'કોમવાદી(સાંપ્રદાયિક)' ગણાવતાં ઉમેર્યું કે એ હિંદુરાષ્ટ્રમાં વિશ્વાસ રાખે છે. આરએસએસના દ્વિતીય સરસંઘચાલક ગુરુજીએ ડૉ.મુકરજીને જણાવ્યું કે આરએસએસ પણ ભારતને હિંદુરાષ્ટ્ર તરીકે જોવા ઈચ્છુક છે. જો કે તે હિંદુ મહાસભાની જેમ કટ્ટર નથી. બધા સ્વયંસેવકો હિંદુરાષ્ટ્રમાં શ્રદ્ધા રાખે છે. અગાઉ ડૉ.મુકરજીએ કોલકાતામાં કે અન્યત્ર કરેલાં ભાષણોમાં ભારતને ધર્મનિષ્ઠ(થિયોક્રેટિક) સ્ટેટ બનાવવા વિરુદ્ધમાં પોતાનો મત વ્યકત કર્યો હતો. તથાગતે નોંધ્યું છે કે ડૉ.મુકરજીએ હિંદુરાષ્ટ્ર અંગે સંમતિ આપી હતી. હવે તેમણે નવો પક્ષ રચવાનો હતો. પહેલાં તેમણે 'યંગ ઈન્ડિયા પાર્ટી' નામ વિચાર્યું. પછીથી 'ઓલ ઈન્ડિયા પીપલ્સ પાર્ટી' કર્યું. આરએસએસ તરફથી સૂચવાયું કે નામ તો હિંદીમાં હોવું જોઈએ અને એનો ધ્વજ કેસરિયો રાખવામાં આવે. 'ભારતીય લોકસંઘ' નામ વિચારીને પછીથી ડૉ.મુકરજીએ 'ભારતીય જનસંઘ' નામ સૂચવ્યાનું બલરાજ મધોકે નોંધ્યું છે. લોકસભાની ૧૯૫૨ની ચૂંટણીમાં જનસંઘના ડૉ.મુકરજી સહિત કુલ ૩ સાંસદ ચૂંટાયા હતા. ૧૯૫૩માં તો શ્યામાબાબુનું નિધન થયું હતું. સંયોગ તો જુઓ ડૉ.મુકરજી સાથેના જનસંઘના સંસ્થાપક સભ્યોમાંના બલરાજ મધોક અને પંડિત મૌલીચંદ શર્મા પાછળથી જનસંઘના અ.ભા.અધ્યક્ષ બન્યા, પણ એ બેઉને નાગપુરના(સંઘના) આદેશોને અવગણવા કે પડકારવા બદલ પક્ષમાંથી તગેડી મૂકવામાં આવ્યા હતા! અત્યારે ભાજપના પૂર્વ સાંસદ પ્રફુલ્લ ગોરડિયા સાથે કહેવા પૂરતા જનસંઘના અધ્યક્ષ તરીકે ૯૫ વર્ષીય બલરાજ મધોક ઈતિહાસને વાગોળવા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આશીર્વાદ આપવા પૂરતા સક્રિય રહ્યા છે.